## જન્મદિને વધામણી


મુન્નીબેન
મો. ૮૯૮૦૯ ૨૩૫૯૮


ગિરીશ ડી આર્ય
મો. ૯૯૦૪૫ ૦૧૭૫૫


અમીતા ચિરાગ ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬


હાર્દ મિલનકુમાર કબીર
મો. ૯૯૭૮૪ ૦૮૧૬૬


વંશિકા ભરતકુમાર શાહ
મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# આર એન સ્કૂલમાં શિયાળુ રમતોત્સવ





ગાંધીનગર, તા. ૨૪
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલમાં પૂજ્ય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઈન્ડિયા, ગાંધીનગરના એથ્લેટિક્સ કોચ હિતેશભાઈ રાઠોડ, શાળાના સુપરવાઈઝર અશોકભાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકોને રમતોનું શું મહત્ત્વ છે તે સમજાવી શિયાળામાં શારીરિક સૌષ્ઠવ જાળવવાની સલાહ આપી હતી. ધોરણ-૧થી ૮ના કુલ ૭૦૨ વિદ્યાર્થીઓએ રમતોત્સવ અંતર્ગત દોડ, કોથળાદોડ, ગોળાફેંક, લીંબુ ચમચી, ઘડાદોડ, લાકડી બોલેન્સ, ફુગ્ગાફોડ જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ પૈકી ૧૨૦ વિદ્યાર્થીઓ વિજેતા જાહેર થયા હતા, જેમને ઈનામ તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

સમગ્ર રમતોત્સવના સફળ સંચાલન બદલ શિક્ષક મનીષાબેનને આચાર્ય દશરથભાઈ પટેલ દ્વારા બિરદાવી તેમને તથા રમતોત્સવમાં ભાગ લેનારા સૌ વિદ્યાર્થીઓ, શાળા પરિવારજનોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### જ્યોતિ મહિલા મંડળ દ્વારા આયોજિત

# રસોઈ સ્પર્ધામાં આર જી સ્કૂલના શિક્ષકને ઈનામ



ગાંધીનગર, તા. ૨૪
સૅક્ટર-૨૩માં સ્થિત સર્વ વિદ્યાલય પરિસરના પ્રાંગણમાં જ્યોતિ મહિલા મંડળ દ્વારા રવિવારે રસોઈ શો અને રસોઈ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનો વિષય હતો 'વિસરાતી જતી વાનગી' જેમાં બહેનો, ભાઈઓ મળીને કુલ ૭૯ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળાના વિજ્ઞાન શિક્ષક રમણભાઈ પટેલે ભાગ લઈને રૂપિયા ૩ હજારની કિંમતનું ઈનામ પ્રાપ્ત કર્યું હતું. રમણભાઈએ આ સ્પર્ધામાં બીટ-ગાજરનો હલવો અને સ્પ્રાઉટ એન્ડ સ્પાઈસ ભેળ બનાવી નિર્ણાયકોનાં દિલ જીતી લીધાં હતાં. શાળાના આચાર્ય ગિતેષભાઈ પટેલે સમગ્ર શાળા પરિવાર વતી તેમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

રસોઈ શો ઍક્સપર્ટ તથા સ્પર્ધાના નિર્ણાયક તરીકે હિનાબેન ગૌતમ અને તેમનાં સહાયક ઉપસ્થિત રહ્યાં હતાં. આ રસોઈ સ્પર્ધાના આયોજન માટે જ્યોતિ મહિલા મંડળનાં પ્રમુખ ડૉ. ચેતના બુચ અને તેમની ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# પૂ. છગનભા પદ્મ સ્પર્ધામાં આર જી સ્કૂલ ઝળકી



ગાંધીનગર, તા. ૨૪
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે પ્રતિ વર્ષ ૨૨મી ડિસેમ્બરના રોજ અથવા તેની નજીકના શનિ-રવિવાર દરમિયાન કડી મુકામે પૂ. છગનભા પદ્મ પારિતોષિક સ્પર્ધા યોજવામાં આવે છે. આ વર્ષે યોજાયેલી આ સ્પર્ધામાં શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની માધ્યમિક વિભાગની ૨૨ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો અને ઈનામો પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું.

માધ્યમિક વિભાગની સ્પર્ધાઓ પૈકી વક્તૃત્વ સ્પર્ધામાં પ્રેક્ષા પટેલ દ્વિતિય, ૧૦૦ મીટર દોડમાં વૈદેહિ પટેલ દ્વિતિય, ગોળાફેંકમાં ખુશીયા ગામેતી તૃતિય, ટેબલ ટેનિસમાં પ્રાચી સોલંકી તૃતિય ક્રમે વિજેતા બની હતી. ઉચ્ચતર માધ્યમિક વિભાગની સ્પર્ધાઓ પૈકી કબડ્ડીમાં સ્કૂલની ટીમ પ્રથમ, સ્કેટિંગમાં ઈસુ ગોસ્વામી પ્રથમ, ટેબલ ટેનિસમાં પ્રિન્સી પટેલ દ્વિતિય, બેડમિન્ટનમાં જાગૃતિ ઝાલા તૃતિય, કેરમમાં હેતલ ખેર તૃતિય સ્થાને વિજેતા બની હતી.

વિદ્યાર્થિનીઓને આ સ્પર્ધા માટે માર્ગદર્શન પૂરું પાડનાર શિક્ષક કમલેશભાઈ શર્મા, વિમલભાઈ પટેલ, જ્યોત્સ્નાબેન પટેલ, પંકજભાઈ એફ પટેલ તથા ભાગ લેનાર સૌ વિદ્યાર્થિનીઓને બિરદાવી આચાર્ય ગિતેષભાઈ પટેલે સમગ્ર શાળા પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

### મહંમદ રફીના જન્મદિવસ નિમિત્તે

# ફિચર ફિલ્મ 'દાસ્તાન-એ-રફી'નું જાહેર સ્ક્રિનિંગ યોજવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૪
મોહમ્મદ રફીના જન્મદિવસ નિમિતે તેમના જીવન પ્રસંગને રજુ કરતી ફિલ્મ "દાસ્તાન-એ-રફી"ના જાહેર કાર્યક્રમનું આયોજન થઈ ગયું .

ભારતીય વિદ્યા ભવનનું અમદાવાદ કેન્દ્ર સમગ્ર વરસ દરમ્યાન સાહિત્ય, સંસ્કૃતિ અને કલાના ક્ષેત્રમાં વિવિધ જાહેર પ્રવૃતિયોનાં આયોજનની નેમ ધરાવે છે.

રવિવારના રોજ સાંજે ૪:૦૦ કલાકે ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેન્ટર ફોર આર્ટસના ગીતા હોલ ખાતે ભારતના સુપ્રસિદ્ધ ગાયક "મહોમ્મદ રફી સાહેબ"ના જીવન પ્રસંગને રજૂ કરતી ફિલ્મ "દાસ્તાન-એ-રફી"નું સ્કીનીંગ યોજાઈ ગયું. આ ફિલ્મમાં રફી સાહેબની સંગીતની સફરને રજુ કરવામાં આવી હતી. આ ફિલ્મમાં રફી સાહેબના પરિવારજનો, મિત્રો, સાથી કલાકારો વગેરેએ રફી સાહેબ વિશે વાત કરીને તેમને શ્રધાંજલિ આપી છે. આ ફિલ્મનું નિર્માણ અને દિગ્દર્શન રજની આચાર્ય અને વિનય પટેલ દ્વારા કરવામાં આવેલ છે. આ બંને મહાનુભાવો આ સ્કીનીગ સમયે ઉપસ્થિત રહ્યા હતા.

આ ફિલ્મનું પ્રથમવાર બ્રોડકાસ્ટ વર્ષ ૨૦૧૬માં ઝી સીને કલાસિક પર કરવામાં આવેલ હતું. લગભગ ૬૦થી વધારે કલાકારો અને તેટલા જ ગીતોને આવરી લેતી આ ફિલ્મ મહંદ રફીને એક આદર્શ શ્રધાંજલિ છે.

# એસ. જી. અંગ્રેજી શાળાના વિદ્યાર્થીઓ પૂ. છગનભા રમતોત્સવમાં છવાયા



૨૨મી ડિસેમ્બર ૨૦૧૮ના રોજ કડી ખાતે યોજાયેલ છગનભા રમતોત્સવમાં એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ સ્કેટિંગ, કબ્બડી, કરાટે, દોડ, ગોળા ફેંક ,લાંબી કુદ, કેરમ, બેડ મિન્ટન વગેરે રમતોમાં ઈનામો જીતીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. સમગ્ર સ્ટાફ પરિવારે વિજેતા બાળકોને અભિનંદન આપ્યા હતા.

# સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર દ્વારા ક્રિસમસની ઉજવણી





સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર, ચિલોડા દ્વારા સોમવારે ક્રિસમસ પર્વની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઈસુ ખ્રિસ્ટના જન્મ અને જીવનની ઘટનાઓને સુંદર રીતે ઉજાગર કરી હતી તથા ડાન્સ, નાટક અને ઈસુના સંદેશની પ્રસ્તુતિ કરી હતી. સાન્તા ક્લોઝ બનેલા શિક્ષક અને વિદ્યાર્થીઓએ ખૂબ જ આનંદની વહેંચણી કરી હતી.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૬૪મો મણકો ॥**

એવું એમનું બીજું તપ દિલ્હીએ જોયું. દિલ્હીમાં ઉપવાસ થયા. એ ઉપવાસ અંગે પણ કેટલીક વાતો ચાલે છે. પાકિસ્તાનને ૫૫ કરોડ અપાવવા માટે દબાણ લાવવા ગાંધીજીએ ઉપવાસ કર્યા હતા. ગાંધીજી એમ માનનારા હતા કે તમારા કરાર મુજબ તમે જો ભાગલા સ્વીકાર્યા હોય તો તમે એમને દેણદાર છો અને પંચાવન કરોડ રૂપિયા તમારે આપવા જોઈએ, એમ સિદ્ધાંત મુજબ માનનારા હતા પણ સમજવાની જરૂર છે કે, ૫૫ કરોડ પાકિસ્તાનને આપવાનો નિર્ણય ઉપવાસ શરૂ કર્યો એના પહેલાં જાહેર થઈ ચૂક્યો હતો. ઉપવાસ કરીને ૫૫ કરોડ અપાવ્યા એ ઐતિહાસિક અસત્ય છે.

ઘણી વાતો આપણા મનની ભૂમિકામાંથી સર્જાતી હોય છે. એટલે આપણા જ મનને તપાસવું જોઈએ.



બીજું આમાં એક વસ્તુ સમજવા જેવી છે. એમ ન સમજશો કે તે ઘડીએ પણ કઠોર હૃદયમાં ક્યાંય જે કંઈ થયું હતું એ અંગે પસ્તાવાનો જરીયે છાંટો નહોતો.

પંડિત જવાહરલાલ નહેરુ ન્યૂયોર્કની એક સભામાં આઝાદી પછી બોલ્યા, 'ટ્રાન્સફર ઓફ પોપ્લુલેશન'નાં આવાં પરિણામો આવશે એવી કલ્પના અમને નહોતી. આવાં પરિણામો આવશે એવું જાણત તો અમે વસતીની હેરાફેરી ના કબૂલત.

પણ ભાગલા પાડવા છે એમ નિર્ણય થઈ ગયા પછી રેડક્લિફને લીટી દોરવાનું કામ સોંપવામાં આવ્યું. બ્રિટીશ પાર્લામેન્ટના સભ્ય, હિન્દુસ્તાનની ભૂમિ પર પહેલીવાર પગ મૂક્યો હતો. પાર્લામેન્ટની ચર્ચામાં હિન્દુસ્તાન શબ્દનું ઉચ્ચારણ જ કર્યું નહોતું. રસ જ નહોતો. એમની સાથે બે મુસ્લિમ લીગના પ્રતિનિધિઓ અને બે કોંગ્રેસના પ્રતિનિધિઓ, પણ એમના સંબંધો એવા કે એકબીજા સાથે બોલે જ નહીં. એટલે બધા જ નિર્ણયો રેડક્લિફે કરવાના. રેડક્લિફે એવા લીટા દોર્યા કે ક્યાંક તો એક ગામનાય બે ભાગ પડ્યા છે.

એ સમજવા જેવું છે કે બહુ ભયંકર હિંસા થઈ છે. વધારેમાં વધારે હિંસા ભાગલા પડ્યા ને રેડક્લિફ ઍવોર્ડની જાહેરાત થઈ એ વચ્ચેના દિવસોમાં થઈ છે.

જવાહરલાલજીએ કહ્યું, આની અમને કલ્પના નહોતી... કલ્પના હોત તો અમે એ ન થવા દેત.

હૈયાછૂટી વાત, છેલ્લી જેલમાંથી અમે છૂટીને આવ્યા - અહમદનગરના કિલ્લામાંથી - ત્યારે અમારામાંથી ઘણા લોકો વૃદ્ધ થઈ ગયા હતા અને કેટલાક બિમાર હતા. પણ અમારામાંથી કોઈપણ માણસ બીજી લડાઈ લડવા માટે તૈયાર નહોતો.

માઉન્ટબેટન બહુ જાણીતા છે. ફ્રેન્ચ - અમેરિકન : ફ્રીડમ એટ મિડનાઈટ. અડધી રાતે આઝાદી. એ ઈતિહાસ નથી, નવલકથા છે, એવી છે કે સત્યની ઉપરની આધારિત નથી. એમાં ઘણી વાતો મિથ્યાની સાથે જોડાયેલી છે. એ બે લેખકો સ્વરાજ પછી વર્ષો પછી ફરીથી માઉન્ટબેટનની મુલાકાત લે છે અને દેશના એ કાળના ઈતિહાસ અંગે ફરીથી ઈન્ટર્વ્યૂ.

ટ્રાન્સફર ઓફ પોપ્યુલેશન અંગે શું કહેવું છે ? મારા ત્રણ ગવર્નરોએ મને આ અંગે સાચો અંદાજ આપ્યો ન હતો. સિંધ, વાયવ્ય સરહદ અને પંજાબના ગોરા ગવર્નરો.

પટેલ અને નહેરુના મનમાં એમ હતું કે અમે પ્રશ્નોને પહોંચી વળીશું. પણ એ પહોંચી શક્યા નહીં.

માત્ર એક માણસે એકથી વધારે માણસે મને એકથી વધારે વખત ચેતવ્યો હતો કે બીજું કંઈપણ કરો પણ ટ્રાન્સફર ઓફ પોપ્યુલેશન કરશો નહીં, કારણ કે તમને ખબર નથી કે લોકોને પોતાની ભોંય માટે કેટલી પ્રીતિ હોય છે, પોતાનાં ઢોર-ઢાંખર માટે કેટલી પ્રીતિ હોય છે, એ છોડીને બીજી જગ્યાએ જાય તો આમાંથી લોહીની નદીઓ રેલાશે.

તે હતો ગાંધી, અને અમે તો એને અભેરાઈ પર મૂક્યા હતા. બ્રીટીશ સેનાનો ઈસ્ટર્ન કમાન્ડના સેનાપતિ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. (ક્રમશ:)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ